# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-09-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## GANDHINAGAR FOOD AND DRUG

દિવાળી પૂર્વે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળને રોકવા માટે આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. આ માટે રાજ્યવ્યાપી તપાસ શરૂ કરાશે. ખાસ કરીને મીઠાઈની દુકાનોમાં રૉ મટિરિયલ, ઘી સહિતના સંગ્રહિત ખાદ્ય પદાર્થોની તપાસ કરવામાં આવશે. ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશ્નર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે 2 મેટ્રિક ટનથી વધુ ઉત્પાદન થતું હોય એવા આઉટલેટમાં તપાસ સાથે કેમેરા રેકોર્ડિંગ પણ હાથ ધરાશે.

## Surat Smimer Hospital

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલના હસ્તે આજે સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલની પી.જી હોસ્ટેલનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી પાટીલે જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકાએ અનેક સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરીને વિકાસનાં વિક્રમ સર્જ્યા છે.

સ્મીમેર હોસ્પિટલમાં રોજના ત્રણ હજાર જેટલા દર્દીઓ સારવાર માટે આવે છે, જેમનાં માટે પણ તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. નવી હોસ્પિટલનાં બિલ્ડિંગમાં વરસાદી પાણીનાં સંગ્રહની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ અંગે શ્રી પાટીલે સુરત મહાનગરપાલિકાને અભિનંદન આપતા આ મુજબ જણાવ્યું..

**(બાઇટ-સી.આર. પાટીલ-કેન્દ્રીય મંત્રી)**

## SURAT- NAKLI NOTO

સુરતના સરથાણા વિસ્તારમાંથી સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ-એસઓજી દ્વારા નકલી નોટનું મીની કારખાનું ઝડપી પાડવામાં આવ્યું છે. રેડ દરમિયાન નકલી નોટો, કોમ્પ્યુટર અને અન્ય મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો અને ચાર આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તપાસ દરમિયાન પોલિસને જાણવા મળ્યું કે, આ લોકો છેલ્લાં એક મહિનાથી ચલણી નોટ બનાવતા હતા. હાલ ચારેય આરોપીઓની પૂછપરછ ચાલી રહી છે

પકડાયેલા ચાર આરોપીમાંથી એક મહારાષ્ટ્ર, એક મધ્યપ્રદેશ અને અન્ય બે અમરેલી જિલ્લાના વતની છે.

# ANNOUNCEMENT

## એક અગત્યની જાહેરાત...

મોદી સરકારના ત્રીજા કાર્યકાળના 100 દિવસ પૂર્ણ થવા નિમિત્તે આકાશવાણી અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા પ્રસ્તુત વિશેષ કાર્યક્રમ “વિકસિત ભારત તરફ પ્રયાણ” આજે રવિવારે રાત્રે સવા ૭ વાગ્યે આકાશવાણી અમદાવાદ કેન્દ્ર પરથી પ્રસારિત કરાશે.

**અગત્યની જાહેરાત પૂરી થઈ.**

# SWACHHTA MERATHON

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત બનાસકાંઠાના પાલનપુર અને સાબરકાંઠાના હિંમતનગર ખાતે સ્વચ્છતા મેરથોન દોડ યોજાઇ. પાલનપુરની સરકારી શાળા ખાતેથી ધારાસભ્ય અનિકેત ઠાકરે લીલીઝંડી આપીને આ દોડને પ્રસ્થાન કરાવ્યું હતું. અમારા બનાસકાંઠા જિલ્લાના પ્રતિનિધિ સવજી ચૌધરી

જણાવે છે કે, શશિવન ખાતેથી શરૂ થયેલી આ મેરથોન દોડનું સમાપન કલેક્ટર કચેરી ખાતે કરાયું હતું.

તેવી જ રીતે સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર નગરપાલિકા દ્વારા પણ મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. અમારા જિલ્લા પ્રતિનિધિ યોગેસ સથવારા જણાવે છે કે, "સ્વભાવ સ્વચ્છતા-સંસ્કાર સ્વચ્છતા"ની વિષય વસ્તુ સાથે નગરપાલિકા દ્વારા વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે.

# NASVADI- WEATHER STATION

છોટાઉદેપુરના નસવાડી તાલુકાના કુકરદા ગામે ખેડૂતોને સ્થાનિક હવામાન આગાહીની માહિતી સરળતાથી મળી રહે તે હેતુથી વેધર સ્ટેશનની સ્થાપવા કરવામાં આવી છે . આનાથી ખેડૂતોને SMS અને ટેલિફોન દ્વારા હવામાન આધારિત પાક સલાહ ઉપલબ્ધ થશે. ખેડૂતોને પવનની દિશા અને ગતિ, તેમજ જમીનના તાપમાન અને ભેજ સહિતની જાણકારી આપવામાં આવશે. અમારા છોટાઉદેપુર જિલ્લાનાં પ્રતિનિધિ જણાવે છે કે આ પરિયોજના નાબાર્ડ, સ્થાનિક સંસ્થા અને સંરક્ષણ જળસ્ત્રાવ વિકાસ સમિતિના સહયોગથી અમલી બની છે.

# JUNAGADH LOKARPAN

કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું કે, 'સુવિધા શહેરની અને આત્મા ગામડાનો' આ નેમને અનુસરીને ગ્રામ્યસ્તરે અવિરત વિકાસકાર્ય થઈ રહ્યા છે, જેના કારણે શિક્ષણ અને વીજળીની માળખાકીય સુવિધામાં વધારો થશે. જુનાગઢના બગડુ ગામથી શિક્ષણ અને વીજળીના 73 કરોડ 19 લાખ

રૂપિયાના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતા કૃષિમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

શ્રી પટેલે ઉંમેર્યું કે, રાજ્યમાં આજે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, બેટી બચાવો બેટી પઢાવો સહિતની યોજનાઓ અને અભિયાનના માધ્યમથી ગુજરાત શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર બન્યું છે. વિકસિત ભારત નિર્માણમાં સૌને સહયોગી બનવા પણ શ્રી પટેલે આહ્વાન કર્યું હતું.

## DANG- SAMIKSHA BETHAK

ડાંગના આહવા ખાતે તકેદારી આયુક્ત સંગીતા સિંઘની અધ્યક્ષતામાં 'લાંચ રૂશ્વત વિરોધી અને તકેદારી સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ ગઈ. બેઠકમાં સુશ્રી સિંઘે જિલ્લાના કેસોની સમીક્ષા હાથ ધરી આયોગના ઉદ્દેશ અને કાર્યપદ્ધતિ વિષે સમજ પૂરી પડી હતી.

તેમણે નિયમિત સમયાંતરે બેઠકોના આયોજન સાથે તાબાની કચેરીઓના નિરીક્ષણની કામગીરીને વધુ અસરકારક બનાવવાની ભાર મૂક્યો હતો. અમારા ડાંગના પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, નાગરિક સેવાઓ અને જાહેર વહીવટમાં પારદર્શકતા વધે તથા પ્રજાકીય સેવાઓમા બિનજરૂરી વિલંબ નિવારી શકાય તે માટે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.